મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૨ ટકા
ગાંધીનગર તાપમાન

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ગિરિરાજ ઉપર શ્યામ ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન અન્ન દર્શનાવલીના કલાત્મક હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા પુનમભાઈ ભટ્ટ, પેથાપુરના નિવાસસ્થાને રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા જયેશભાઈ દવેના નિવાસસ્થાન જી-૧૦૪, મારૂતિ આમ્રકુંજ, સરગાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા ચંદુભાઈ પંડિતના નિવાસસ્થાન ૪૪૪, ઘ-૪, સે-૧૬ ખાતે સાંજે ૪.૩૦ વાગ્યે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રામધામ વાવોલ ખાતે પ.પૂ. મધુસુદન દાસ બાપુના મુખેથી બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવભાગવત કથા તથા સવારે ૬ થી સાંજના ૮ કલાક સુધી મકાઈના હિંડોળાના દર્શન યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી મનહરભાઈ ભટ્ટ દ્વારા શિવ મહિમ્ન સ્તોત્રથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ બ્લોક નં. ૪ પાસે દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

# આજે શ્રાવણનો પ્રથમ સોમવાર

## પવિત્ર શ્રાવણ માસના સોમવારના મહત્વને ધ્યાનમાં લઈ શહેરના મંદિરોમાં ભાવિકોની ભીડ જામશે : ભકતો માટે વિશેષ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૪

શ્રાવણ મહિનાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે શહેરના શિવાલયોમાં દર્શન માટે ભાવિકો ઉમટી પડયા છે ત્યારે શંકરના સોમવારનું મહત્વ હોવાથી ભાવિકો આજે મંદિરમાં શિવાલયને બિલિપત્ર ચઢાવવા અર્થે ખાસ જશે. ઓમ નમઃશિવાય અને બમ્ બમ્ ભોલેના જયઘોષ વચ્ચે શહેરના મંદિરો ગૂંજી ઉઠશે. શિવાલયોને વિશેષ રીતે શણગારવામાં આવશે. સાથે સાથે આજના દિવસે ભોળાનાથના વિવિધ સ્વરૂપે ભાવિકોને દર્શન થાય તેમજ લઘુરૂદ્ર, શિવ મહિમ્ન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું

આયોજન કરવામાં આવ્યું છે. ભોળાનાથને ભજવા માટે શ્રાવણ મહિનો ઉત્તમ ગણાય છે. ભોળાનાથ પાસે જે માંગો તે મળી જાય તેવી શ્રધ્ધા ભાવિકોના મનમાં હોય છે, આમ તો શ્રાવણ મહિનાના ઉપવાસ કરવાનું પણ તેટલું જ મહત્વ છે ત્યારે શ્રાવણ મહિનાના ચાર સોમવાર કરવાની પણ ભકતોમાં શ્રદ્ધા રહેલી છે. આજે શ્રાવણ મહિનાનો પ્રથમ સોમવાર હોવાથી ભાવિકો ખાસ મંદિરે દર્શન માટે જશે અને શિવલિંગની પૂજા કરશે.

શહેરના સે-૨૨ સ્થિત પંચેદવ મંદિર, સે-૨૧ વૈજનાથ મહાદેવ, સે-૧૬ બ્રહ્મભવન પાસે સ્થિત સોમનાથ મહાદેવ, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ, સે-૨૯ જલારામ મંદિર, નવા સેકટરોમાં રહેલા મંદિર સહિતના મંદિરોમાં શ્રાવણ મહિના દરમિયાન સોમવારના દિવસે વિશેષ પુજા અર્ચના અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હોય છે. ભગવાનને ચઢાવાતા બિલી પણ દરેક મંદિરોમાં ભાવિકો માટે તૈયાર છે સાથે સાથે ફૂલહાર પણ મંદિરની બહાર શ્રાવણ મહિના દરમિયાન સરળતાથી મળી રહેશે. આ ઉપરાંત ભગવાનને ચઢાવાતા ફુલ પણ લગભગ દરેક મંદિરના નજીકના વિસ્તારમાં શ્રાવણ માટેના પુરતા સરળતાથી મળી રહ્યા છે. આમ તો ભકતો દરરોજ આ માસ દરમિયાન દર્શન કાજે શિવ મંદિરે દર્શને જતા હોય છે પરંતુ સોમવારના દિવસે નાનાથી લઈ મોટેરા સાથે ઘરના સૌ મંદિરમાં આવતા હોવાથી અમુક મંદિરોમાં બહેનો માટે શિવાલયમાં પુજા અર્ચના માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં વિવિધ જગ્યાએ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે કહેવાય છે કે પુરો શ્રાવણ મહિનો ઉપવાસ થાય ન થાય શ્રાવણના ચાર સોમવાર અચુક ઉપવાસ કરવા જેનાથી એટલું જ પુણ્ય મળે છે.

## ફ્રેન્ડશીપ ડેના સથવારે પુસ્તક પરબમાં 'પેથાપુરથી પરદેશ'ની પુસ્તક મૈત્રી રચાઈ

### સ્વિટઝરલેન્ડના 'જ્હોની'થી માંડીને પેથાપુરના 'રામજીભાઈ' સુધીના વાંચકો આવ્યા : વરસાદી માહોલમાં ઓગસ્ટની પુસ્તક પરબ નિર્વિઘ્ને સંપન્ન

ગાંધીનગર, તા.૪

શહેરમાં ચોમાસું બેસી ગયું છે અને શનિવારની મોડી સાંજે મેઘરાજાએ ઘબડાટી બોલાવ્યા પછી રવિવારની પરોઢ પણ વાદળછાયા વાતાવરણ સાથે વરસાદી રીમઝીમથી થઈ હતી. જો કે આ રીમઝીમ સવાર સુધીમાં બંધ થઈ જતા સર્જાયેલા આલ્હાદક વાતાવરણમાં આજે શહેરના મધ્યમાં હાર્દ સમા ઘ-૪ સર્કલે ઓગસ્ટ માસના પહેલા રવિવાર નિમિત્તે પુસ્તક પરબ યોજાઈ હતી. આ સાથે 'ફ્રેન્ડશીપ ડે'ના ઉમંગ ભર્યા માહોલમાં શહેરના વાંચકોએ પુસ્તકો સાથેની પોતાની મિત્રતા વધુ ગહન બનાવી હતી.

માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા આયોજિત પુસ્તક પરબમાં આજે 'પેથાપુરથી પરદેશ' સુધીની પુસ્તક મૈત્રીનો સંયોગ રચાયો હતો. આજની પુસ્તક પરબમાં પેથાપુરના વરિષ્ઠ વાચક રામજીભાઈએ પણ પોતાને ગમતા પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા તો બીજી તરફ સ્વિઝરલેન્ડના 'જહોની' નામના યુવાને પણ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ સાથે પોલીસ અધિકારી નિપુલ ઠાકર પણ પુસ્તક પરબની મુલાકાતે પધાર્યા હતા. વરસાદના કારણે પુસ્તકો પલળી જવાની ભિતી વચ્ચે પણ નિર્વિઘ્ને પાર પડેલી પુસ્તક પરબમાં શહેરના યુવા વાચકોથી માંડી વરિષ્ઠ વાચકોએ મનપસંદ પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા.

## શહેરમાં ફ્રેન્ડશીપ ડે ઉજવાયો

એક સારો મિત્ર જ કાફી છે. આ બદલાતી રંગીન દુનિયામાં માત્ર એક સારો મિત્ર જ કાફી છે. જેની સાથે સુખ દુઃખની બધી જ વાતો કરી શકાય. કહેવાય છે ને દોસ્ત દોસ્ત હોય છે એ સારો કે ખરાબ હોતો નથી. એક મિત્ર કયારેય બીજા મિત્રને કયારેય 'જજ' નથી કરતો. મિત્ર પાસે ગમે તે વાત કરી શકાય છે અને એ જ તો મિત્રતા છે. તમને હસાવે પણ એ અને કયારેક તમારા મતે કોઈ સારો નિર્ણય લેતા તમને રડાવે પણ એજ પણ ખબરદાર છે તમારા વિશે બહાર કોઈ કાંઈ બોલ્યું તો તેનું આવી બન્યું...!!

શહેરમાં પણ આજે યુવાનો દ્વારા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. કોઈ રેડ ડ્રેસમાં તો કોઈ ફ્રેન્ડશીપ બેલ્ટ લઈને મિત્રને બાંધતા અને હસી મજાક કરતા જોવા મળ્યા હતા.

## કેબી ફાર્મા કોલેજમાં બે દિવસીય 'એપોકોલ્પ્સ-૨૦૧૯' ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૨૩ની કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ખાતે સુપ્રસિધ્ધ વાર્ષિકોત્સવ 'એપોકોલ્પ્સ-૨૦૧૯'નું તા. ૨૦ અને ૨૧ ઓગસ્ટ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ૯ વર્ષથી ઉજવાયેલા આ ઉત્સવની ખાસિયત એ છે કે તેને વિદ્યાર્થીઓ દ્વારા જ સંચાલિત કરવામાં આવે છે.

સતત ૧૦મા વર્ષે આયોજિત 'એપોકોલ્પ્સ-૨૦૧૯'માં કુલ ૩ પ્રકારની ઈવેન્ટસ યોજાશે. જેમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ફાર્મા શેફ, મોક ઈન્ટરવ્યુ, ડિબેટ, જીનીયસ ઓકયુલ્સ, ફાર્મા એડ, ટ્રેઝર હન્ટ, કવીઝ, પોસ્ટર પ્રેઝન્ટેશન, સ્પીન એન્ડ ડેર જેવી અનેકવિધ સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'એપોકોલ્પ્સ-૨૦૧૯'ના સમાપને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. 'જીનીયસ ઓકયુલસ' જેવી ઈવેન્ટ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને તેમના 'ચિત્તાની ચકોરતા' ચકાસવામાં ખુબ ઉપયોગી નિવડશે. સતત બે દિવસ ચાલનારી આ ઈવેન્ટના છેલ્લા ૯ સફળ વર્ઝન યોજાઈ ચુકયા છે. 'એપોકોલ્પ્સ-૨૦૧૯'નો બ્રહ્માણી કૃપા હોલ ખાતે તા.૨૦મી ઓગસ્ટે સવારે ૮ કલાકે ઉદઘાટન સમારંભ યોજાશે.

## સ્થાપનાના પપમાં વર્ષે પાટનગરની વિટંબણા : ફરી 'હરિયાળુ' બનું કે 'સ્માર્ટ' બનું??

### વિશ્વનું હરિયાળુ શહેર રહી ચુકેલા 'ગાંધીનગર'માં માથાદીઠ વૃક્ષોની સંખ્યા સતત ઘટતી જઈ રહી છે : એક સમયે સાયકલ પર દોડતા શહેરમાં વિકસેલા દબાણોને પગલે કેટલાક વિસ્તારમાં તો હવે 'સાયકલ' પણ પ્રવેશી ન શકે તેવી હાલત

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના પાટનગર 'ગાંધીનગર' શહેરે બે દિવસ પૂર્વે જ તા. ૨જી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તેનો પપમો સ્થાપના દિવસ ઉજવ્યો છે. 'વન' પ્રવેશના પાંચમા વર્ષે આ નગર જે 'વન'ના કારણે જ ઓળખાતું હતું તે હાલ 'વન' શોધી રહ્યું છે. ઝડપથી શહેર બનવા તરફ ધસી રહેલું આ નગર હવે 'સ્માર્ટસીટી' બનવાની હોડમાં સામેલ થઈ ચુકયું છે. વર્ષ ૧૯૯૫માં જેને વિશ્વના હરિયાળા શહેરનું બિરૂદ મળ્યું હતું તે ગાંધીનગર હવે હરિયાળું શહેર તો રહ્યું નથી પરંતુ આ શહેરમાં જયાં પહેલા કોઈ વસવા તૈયાર નહોતું ત્યાં હાલ રીતસરનું જાણે 'વસ્તી આકમણ' થઈ રહ્યું છે અને તેના કારણે આયોજનબધ્ધ વિકસાવાયેલા આ શહેરમાં વગર આયોજને 'પોળો'નું અસ્તિત્વ સર્જાઈ ચુકયું છે. જો કે 'સ્માર્ટ સીટી' બનવાની હોડમાં સામેલ ૪૨૫૭ શહેરો સાથેની હરિફાઈમાં ૫ હજાર માર્કસમાંથી ૩૭૫૭ ગુણ સાથે ૨૬મા ક્રમે રહેલું ગાંધીનગર હવે નવી મોજણીમાં ૨૨મા ક્રમે તો પહોંચ્યું છે પરંતુ હવે 'હરિયાળું' બનવું કે 'સ્માર્ટ' બનવું તેની અવઢવમાં અટવાયેલું જણાઈ રહ્યું છે.

બૃહદ મુંબઈ રાજયમાંથી નવ નિર્માણ સાથે અલગ પડેલા 'ગુજરાત'ને પોતાના આગવા પાટનગરની જરૂરિયાત જણાઈ હતી અને તા. ૨જી ઓગસ્ટ ૧૯૬૫ના રોજ પેથાપુર પાસેની જીઈબી કોલોની ખાતે ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી. આ પછી તબક્કાવાર પાટનગરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ રીતે આયોજનબધ્ધ રીતે વિકસાવાયેલા આ શહેરમાં તે સમયે પ્રતિ એક એકર દીઠ ૪૦ વ્યકિતઓ રહી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે મુજબ પાણી, ગટર, વિજળી,

સુરક્ષા, રસ્તા, દવાખાનું, બગીચા, શોપીંગ, રંગમંચ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. ખુલ્લા મેદાનોમાં પવન સાથે ઉડતી ધૂળની ડમરીઓના કારણે શહેરના પ્રારંભિક વસાહતીઓ જેને મજાકમાં 'આંધીનગર' કહેતા હતા તેવા આ પાટનગરમાં વસ્તીનો આંક જે સેકટર દીઠ ૭ હજારનો રહેશે તેવું માનવામાં આવ્યું હતું તેમાં આજે કદાચ ત્રણથી પાંચ ગણું હોઈ શકે છે. પાંચ દાયકા પછી જે તો સેકટરનું માપ તો યથાવત જ રહ્યું છે પરંતુ વસ્તીમાં 'અમાપ' વધારો થયો છે જેના કારણે જે સુવિધાઓનું આયોજન કરાયું હતું તે અપૂરતી પડવા સાથે અડચણો ઉભી કરી રહી છે જેને વસ્તી મુજબ વિસ્તારવાની જરૂરિયાત જણાઈ રહી છે. સતત વધતી વસ્તીના કારણે શહેરમાં ટ્રાફિક, વાહન વ્યવહાર સાથે માર્ગ સલામતીનો પ્રશ્ન સતાવી રહ્યો છે એટલું જ નહી તંત્રની રહેમનજર તળે 'બેમાપ' રીતે વધેલા ગેરકાયદેસર 'પાક્કાં' દબાણો રાજયના કોઈ પૌરાણિક શહેર જેવી સાંકડી ગલીઓ કે પોળોનું અસ્તિત્વ જે ન્હોતું જોઈતું તે પણ ઉભું કરી બેઠા છે.

ગાંધીનગરમાં ૧૯૭૦માં ૮મી જૂને શહેર વસાહત મહામંડળની સ્થાપના કરવામાં આવી હતી જેના પ્રમુખ અરૂણભાઈ બુચે આપેલી માહિતી મુજબ વર્ષ ૧૯૯૫માં જયારે શહેરને 'હરિયાળું શહેર' તરીકે જાહેર કરવામાં આવ્યું ત્યારે અંદાજે ૪ કરોડ ૬૦ લાખ વૃક્ષો આ પાટનગરનું ઘરેણું હતા. શહેરમાં રાજીવ ગાંધી વન, દિનદયાળ ઉપાધ્યાય વન, બિલિપત્ર વન, ગુલાબ ઉદ્યાન જેવા વૃક્ષાચ્છાદિત બાગ બગીચા વિકસાવાયા હતા પરંતુ આજે તેમાંથી કેટલાકનું તો નામો નિશાન શોધ્યું જડે તેમ નથી. જે ગુલાબ ઉદ્યાનમાં એક સમયે ૧૪૯ પ્રકારના ગુલાબ મહેંકતા હતા તે સ્થળને કદાચ 'ગુગલ' પણ શોધી શકતું નથી. શહેરમાં માર્ગ સલામતી સાથે વાહનોની આવન જાવન થઈ શકે તે માટે ૧૩ જેટલા અન્ડર પાસ બનાવાયા હતા તેમાંથી આજે કદાચ 'સમ' ખાવા પુરતો એક ઉપયોગમાં છે. શહેર વસાહત મહામંડળના પ્રયત્નોથી ૧૯૭૦માં પ્રથમ વનમહોત્સવ સેકટર-૧૬ ખાતે ઉજવાયો હતો જેમાં ૩૩૦ પરિવારોએ જતનથી ૬૬૦ વૃક્ષો ઉછેરી વિક્રમજનક કાર્ય કર્યું હતું અને આ પ્રકારના સિલસિલાબંધ અને પ્રતિબધ્ધતાપૂર્ણ કાર્યોના કારણે ૧૯૯૫માં આ નગર વિશ્વનું હરિયાળુ શહેર બન્યું હતું જેમાં માથા દીઠ ૨૨ વૃક્ષો હતા. કાળક્રમે શહેરમાં વસ્તી વધતી ગઈ અને વૃક્ષો કપાતા ગયા, પરિણામે આજે એક અંદાજ મુજબ માથાદીઠ માત્ર ૪ વૃક્ષની સંખ્યા આવી ગઈ છે. શહેરમાં પ્રદુષણ આંક ૧૨૧ પર પહોંચી ગયો છે અને વિકાસની ઓથ ઉપરાંત વૃક્ષોના વાવેતર સમયે દેખાતા ઉમળકાથી વધુ ઉછેર દરમિયાન જાળવણીની બેદરકારીના કારણે નવી વનરાજીનું નિર્માણ તદ્દન ધીમી ગતિએ થઈ રહ્યું છે. શહેરમાં શોપીંગ સેન્ટર્સ, પાર્કિંગ પ્લેસ વળી તેમાં પણ દબાણો વગેરેના કારણે પાટનગર તેનું અસલી સ્વરૂપ તો કયારનું ય ગુમાવી ચુકયું છે.

જે શહેર ભલે શૈક્ષણિક હબ બન્યું હોય પરંતુ શહેરની સરકારી પ્રાથમિક શાળાઓ 'ગાયબ' થઈ ગઈ છે તો આજે સ્માર્ટ સીટી બનવા નીકળ્યું છે.'જ' માર્ગ પર જયાં ૪૦ હજાર વૃક્ષોના વાવેતરના પ્રયાસ સાથે તેમને નિયમિત જળસિંચન માટે નાંખવાની પાઈપલાઈનનો પ્રોજેકટ અમલીકરણ પહેલા જ 'વિચારણા'ના નામે હવાઈ જતો હોય અને એક સમયે 'સાયકલ' પર જ દોડતા શહેરમાં આજે સેકટર-૨૪ના શ્રીનગર વિસ્તારમાં 'સાયકલ' પણ પ્રવેશી ના શકે તેવી સ્થિતિએ પહોંચ્યું હોય તે કેવી રીતે 'સ્માર્ટ' બનશે તે તો સમય જ કહેશે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● **ખાનદાની શફાખાના**
૯.૪૫, ૧૧.૩૫, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૦૫, ૫.૩૦, ૧૦.૪૫

● **સુપર-૩૦**
૨.૫૫, ૬.૫૫, ૯.૩૦, ૧૦.૦૦

● **ચાસણી (ગુજરાતી)**
૮.૦૦ કલાકે સાંજે

● **કબીરસિંગ**
૧૨.૫૫ બપોરે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૫.૧૫, ૯.૪૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૧૧.૩૫, ૮.૦૫

● **ધ લાયન કિંગ**
હિન્દી ૩-ડી ૧૦.૫૦, ૪.૨૫, ૭.૦૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● **ખાનદાની શફાખાના**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

● **જજમેન્ટલ હૈ કયા**
૧૦.૧૫ સવારે, ૪.૦૦ સાંજે

● **સુપર-૩૦**
૧૨.૫૦, ૬.૩૫, ૯.૪૫

● **ચાસની (ગુજરાતી)**
૧.૩૫

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૮.૦૫, ૧૦.૫૫
૩-ડી અંગ્રેજી ૯.૩૦, ૧૧.૩૫, ૫.૧૫

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૧૧.૦૦, ૪.૨૦, ૬.૫૫

### સિટી પલ્સ કુડાસણ

● **ખાનદાની શફાખાના**
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

● **જજમેન્ટલ હૈ કયા**
૬.૩૦

● **સુપર-૩૦**
૭.૦૦ સાંજે

● **ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૫

● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
૨-ડી અંગ્રેજી ૧૨.૧૫, ૫.૧૫, ૯.૩૦

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૪.૩૦, ૭.૦૦

● **કબિરસિંગ**
૧૨.૩૦ બપોરે

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● **ખાનદાની શફાખાના**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૩૦

● **જજમેન્ટલ હૈ કયા**
૪.૫૫

● **સુપર-૩૦**
૧.૪૦, ૭.૧૫

● **ચાસની (ગુજરાતી)**
૧૦.૧૫ રાત્રે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧૦.૦૦, ૧૨.૫૫, ૩.૫૦, ૬.૪૫, ૯.૪૦
૩-ડી હિન્દી ૮.૩૦, ૧૧.૨૫, ૫.૧૫, ૮.૧૦, ૧૧.૦૫

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૨૦

## સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૪

શહેરના સે-૨૧ ખાતે આવેલા વૈજનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૧૮ ઓગસ્ટના રોજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૫ ઓગસ્ટના રોજ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે તા. ૧૮મીએ સવારે ૮.૩૦ થી ૧.૦૦ કલાક દરમિયાન કેમ્પ યોજાશે સંસ્થા દ્વારા શહેરીજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન સોમસિંહ સોલંકી, ઉ.વ. ૭૦
- સ્વ. વણઝારા લાલજીભાઈ ઠાકોરભાઈ, ઉ.વ. ૭૩
- સ્વ. શ્રવણભાઈ વિરાજી આદિવાસી, ઉ.વ. ૪૧